**નવી બાબત ૨૦૨૧-૨૨**
**ગુજરાત રાજયમાં ગ્રીન બિલ્ડીંગને પ્રોત્સાહન આપવા સહાય બાબતની યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત**

**ગુજરાત સરકાર**
કલાઇમેટ ચેન્જ વિભાગ
**યાદી ક્રમાંક: પરજ/૧૦/૨૦૨૧/૯૪૬૭/બ**
સચિવાલય,ગાંધીનગર.
**તા.૧૬/૬/૨૦૨૨**

**યાદી:-**

ગુજરાત રાજયમાં ગ્રીન બિલ્ડીંગને પ્રોત્સાહન આપવા બાબત આ વિભાગના વર્ષ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે મંજુર કરવામાં આવેલ છે. આ યોજનાનું અમલીકરણ કલાઇમેટ ચેન્જ વિભાગ હેઠળની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

આ વિભાગની ૨૦૨૧-૨૨ ની અંદાજપત્રીય જોગવાઈ CLC-5 હેઠળ રીન્યુએબલ એનર્જી પ્રોજેકટ્સ માટે સહાય બાબત નવી બાબત હેઠળ રૂ.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

સદર યોજનાની વર્ષ ૨૦૨૧-૨૨ માં કલાઇમેટ ચેન્જ વિભાગ,ગાંધીનગર દ્વારા અમલવારી કરવા માટે નીચેની શરતો આધીન વહિવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ પ્રકારના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ થી સૂચવવામાં આવેલ કાર્યપદ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરી ઇ-માર્કેટપ્લસ (જી.ઇ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે.

૧૧. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૬/૯૪ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ/૧૦૯૪/૨૬૦/ઝ.૧ તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંકઃખરચ/૧૦૯૬/ઓ-૬૪૫-ઝ.૧ તથા તા.૯/૯/૯૮ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૧૦૯૮/૭૦૪/(૫૮)-ઝ.૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. મંજૂર થયેલ અંદાજપત્રોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૩. કામગીરી/હાથ ધરનાર પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરી ક્લાઇમેટ ચેન્જ વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. તા.૧-૪-૨૦૨૨ ના રોજ અને તેના પછી આપવામાં આવેલ ગ્રીન બિલ્ડીંગ પ્રમાણપત્ર આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર હોવુ જોઇએ.

૧૫. તમામ નવી ઇમારતો, તેમજ ગ્રીન બિલ્ડીંગ પ્રમાણપત્ર મેળવનાર નવીનીકરણ થયેલી જુની ઇમારતો આ યોજના હેઠળ અરજી કરી શકશે.

૧૬. સદર યોજના માત્ર ઇમારતોને લાગુ પડે છે (પ્રકારઃ વાણિજિયક, ઔદ્યોગીક, રહેણાંક, સંસ્થાકિય, સરકારી ઇમારતો) પરંતુ કેમ્પસ પ્રમાણપત્ર માટે નહી. જો કે, કેમ્પસમાં ગ્રીન બિલ્ડીંગ તરીકે પ્રમાણીત થયેલ એક અથવા વધુ બિલ્ડીંગો, નાણાંકિય પ્રોત્સાહનની ઉપલી મર્યાદાને આધિન પ્રોત્સાહન મેળવી શકે છે.

૧૭. એક અરજદારને અલગ અલગ મકાનો માટે બધુ મળીને મહત્તમ રૂ.૩ લાખ સુધીની સહાય મળવાપાત્ર રહેશે.

૧૮. ઉકત સહાય સર્ટીફીકેશન પ્રોસેસ પૂરી થયા બાદ મળવાપાત્ર રહેશે. પ્રોસેસના વચ્ચેના તબકકે મળવાપાત્ર રહેશે નહિ.

૧૯. અરજદારના બેંક એકાઉન્ટમાં પ્રોત્સાહક રકમ ડાયરેક્ટ બેનીફીશયરી ટ્રાંસફર(DBT) થી ચૂકવવામાં આવશે.

૨૦. આ યોજના હેઠળ ગ્રીન બિલ્ડીંગ સર્ટીફિકેશન પ્રાપ્ત કર્યા બાદ અરજદારને સર્ટીફીકેશન ખર્ચ પેટે ૫૦૦૦ ચો.મી. સુધી મહત્તમ રૂ.૧ લાખ, ૫૦૦૦ થી ૧૦,૦૦૦ ચો.મી. માટે મહત્તમ રૂ.૨ લાખ તથા ૧૦,૦૦૦ ચો.મી. થી વધારે માટે મહત્તમ રૂ.૩ લાખ અથવા સર્ટીફીકેશન ખર્ચના ૫૦ ટકા એ બેમાં થી જે ઓછુ હશે તે આપવામાં આવશે.

૨૧. LEED, GRIHA, EDGE, GEM અને IGBC ના ગ્રીન બિલ્ડિંગ સર્ટીફીકેશન આ યોજના માટે માન્ય ગણાશે.

૨૨. અરજદાર ગ્રીન બિલ્ડીંગને લગતી સહાય યોજનાઓ પૈકી કોઇ એક જ સહાય યોજનાનો લાભ લઇ શકશે.

૨૩. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના આ અંગેના વખતો વખતના ઠરાવો અને સૂચનો ધ્યાને લેવાના રહેશે.

૨૪. આ યોજનાનો અમલ સમગ્ર ગુજરાત રાજયમાં કરવાનો રહેશે.

૨૫. આ ઠરાવની શરતો અને બોલીઓનું આખરી અર્થઘટન આ વિભાગનું માન્ય ગણાશે.ઉપરોક્ત યોજનાની અમલવારી કરતી વખતે કોઇ મુશ્કેલી ઉપસ્થિત થાય તો આ વિભાગનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

આ યોજનાનો ખર્ચ ૨૦૨૧-૨૨ ના અંદાજપત્રમાં માગણી ક્રમાંક -૧૦૭, મુખ્ય સદર-૨૮૧૦, ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ ૦૧, સીએલસી -૦૫, રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સહાય, નવી બાબત મહેસુલ સદરે રૂ.૫૦ લાખની કરવામાં આવેલ બજેટ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૧/૯/૨૦૨૧ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવેલ છે.

**( બી. એસ. પાંડોર )**
ઉપ સચિવ
કલાઈમેટ ચેન્જ વિભાગ.
ગુજરાત સરકાર

**પ્રતિ,**

નિયામકશ્રી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. જરૂરી કાર્યવાહી માટે.

**નકલ સવિનય રવાના:**

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કલાઇમેટ ચેન્જ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (કલાઇમેટ ચેન્જ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(કલાઇમેટ ચેન્જ વિભાગ) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, કલાઇમેટ ચેન્જ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- નાયબ વિદ્યુત નિરીક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાં.ધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- હિસાબી અધિકારીશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.